પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૮ | ૧૯ એપ્રિલ, ૨૦૨૨, મંગળવાર; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦





વિદ્યા સમીક્ષા કેન્દ્રનો શુભારંભ - ગાંધીનગર ખાતે સોમવારે સાંજે વિદ્યા સમીક્ષા કેન્દ્રનો શુભારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે થયો હતો... નેશનલ ડિઝીટલ એજ્યુકેશન, આર્કિટેક્ચર ફ્રેમ વર્ક પર આધારિત અતિઆધુનિક ટેકનોલોજી અને ડેટા સંચાલિત કેન્દ્રમાં ૫૫ હજાર શાળાઓનું મોનીટરીંગ અને ૪ લાખ શિક્ષકોનું હેન્ડ-હોલ્ડીંગ થશે... આ ઉપરાંત વિદ્યાર્થીઓનું નામાંકન, હાજરી, વાંચન, લેખન, ગણનની મૂળભૂત કુશળતા તેમજ સ્કૂલ એક્રીડીટેશન જેવા મુખ્ય સુચકાંકોનું મૂલ્યાંન થશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાગત માટે ઉભેલી બાળાઓનું પુષ્પથી અભિવાદન કર્યું હતું... તથા દરેક ડેટા અને ટેકનોલોજીની ઝીણવટી ભરી માહિતી મેળવી હતી.... આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા...

## દેશમાં કોરોનાનાં અઠવાડિક કેસમાં ૩૫ ટકાનો ઉછાળો

**દિલ્હી અને NCR શહેરોમાં સૌથી વધુ નવાં કેસ : ગત અઠવાડિયે (૪-૧૦ એપ્રિલ)માં કેરળમાં કોરોના પોઝિટિવનાં ૨૧૮૫ નવાં કેસ આવ્યાં હતાં, જે દેશમાં કૂલ નવાં કોવિડ-૧૯ કેસનાં ત્રીજા ભાગનાં હતાં**

નવી દિલ્હી,તા.૧૮

સતત ૧૧ અઠવાડિયાથી કોરોનાનાં કેસ ઘટ્યા બાદ ભારતમાં કોરોનાનાં નવાં કેસની સંખ્યામાં ૩૫%નો વધારો થયો છે. દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશે દિલ્હીની નજીકનાં જિલ્લામાં કોરોના સંક્રમણનાં નવાં કેસમાં સર્વાધિક વૃદ્ધિ કરી છે. જોકે, કોરોનાનાં કૂલ કેસની સંખ્યા હવે ઘટી છે અને અત્યાર સુધીમાં કોવિડ૧૯નાં કેસની સંખ્યામાં પણ ઘટાડો છે અને હાલમાં સંક્રમણનાં નવાં કેસમાં વૃદ્ધિ ઉપરનાં ત્રણ રાજ્યો સુધી જ સીમિત છે. ભારતે રવિવાર (૧૧-૧૭ એપ્રિલ)નાં પૂર્ણ થતાં અઠવાડિયામાં કોરોના સંક્રમણનાં આશરે ૬,૬૧૦ નવાં કેસ નોંધાયા છે. જે આ પહેલાંનાં અઠવાડિયે ૪,૯૦૦ હતાં. કેરળનાં આંકડા જોડીએ તો ગત અઠવાડિયામાં કોરોના સંક્રમણનાં આશરે ૭,૦૧૦ નવાં કેસ સામે આવ્યાં હતાં. કેરળે હાલનાં અઠવાડિયાથી કોવિડ ડેટા જાહેર કરવાનું બંધ કરી દીધું છે. ગત અઠવાડિયે (૪-૧૦ એપ્રિલ)માં કેરળમાં કોરોના પોઝિટિવનાં ૨,૧૮૫ નવાં કેસ આવ્યાં હતાં. જે દેશમાં કૂલ નવાં કોવિડ-૧૯ કેસનાં ત્રીજા ભાગનાં હતાં. દેશમાં કોરોના વાયરસ સંક્રમણથી થતા મોતમાં ઘટાડો ચાલુ છે. આ અઠવાડિયા દરમિયાન ફક્ત ૨૭નાં મોત થયા છે જે ૨૩-૨૯ માર્ચ બાદથી ૨ વર્ષમાં સૌથી ઓછા છે. આ પહેલાનાં અઠવાડિયામાં ૫૪ લોકોનાં મોત થયા હતાં. જેમાંથી ૧૩ કેરળમાં હતાં. સંક્રમણમાં વૃદ્ધિ વાળા તમામ ત્રણ રાજ્યોમાં એક અઠવાડિયાની અંદર નવાં કેસ બમણાથી અધિક જોવા મળ્યાં છે.

દિલ્હીમાં નવાં કેસની અત્યાર સુધીની સૌથી અધિક સંખઅયા ૨,૩૦૭ જોવા મળી છે. જે ગત ઠાડિયાનાં ૯૪૩ની સરખામણીએ ૧૪૫% વધુછે. દેશમાં રિપોર્ટ થયેલાં તમામ કેસમાં ત્રીજા ભાગથી વધુ દિલ્હીમાં જોવા મળ્યાં છે. હરિયાણામાં આ અઠવાડિયે કેસ વધીને ૧,૧૧૯ થઈ ગયા છે. જે ગત અઠવાડિયે ૫૧૪ હતાં. ૧૧૮%નો વધારો નોંધાયો છે.

ઉત્તર પ્રદેશને સંક્યામાં ગત અઠવાડિયે ૨૨૪થી વિપરીત છે. આ અઠવાડિયે ૫૪૦ કેસની સાથે સાથે ૧૪૧%નો વધારો નોંધાયો છે. બંને રાજ્યોમાં કોરોના સંક્રમણનાં મહત્તમ નવાં કેસ દિલ્હીની નજીક આવેલાં NCR શહેરોમાં જેમ કે, ગુરુગ્રામ, નોયડા અને ગાઝિયાબાદમાં સામે આવી રહ્યાં છે. અન્ય જગ્યા પર કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત અને રાજસ્થાનમાં અઠવાડિક કેસમાં ઘટાડો જ છે. ગુજરાતમાં ગત અઠવાડિયાની સરખામણીએ કોરોના સંક્રમણનાં નવાં કેસમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં આ અઠવાડિયે ૧૧૦ નવાં કેસ દાખલ થયા છે. જ્યારે ગત અઠવાડિયે ૧૧૫ નવાં કેસ નોંધાયા હતા.

## લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડે બન્યા નવા આર્મી ચીફ

**મનોજ પાંડે જનરલ નરવાણેનું સ્થાન લેશે : મહિનાના અંતમાં સ્થાન લેશે : જનરલ નરવાણે આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બને તેવી શક્યતાઓ છે**

નવી દિલ્હી, તા.૧૮

લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેને નવા આર્મી ચીફ બનાવવામાં આવ્યા છે. તેઓ આર્મી ચીફ બનનારા પ્રથમ એન્જિનિયર બન્યા છે.



તેઓ આ મહિનાના અંતમાં વર્તમાન આર્મી ચીફ જનરલ એમએમ નરવાણેની નિવૃત્તિ બાદ જવાબદારી સંભાળશે. લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડે નેશનલ ડિફેન્સ એકેડેમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમને ૧૯૮૨માં કોર ઓફ એન્જિનિયર્સમાં કમિશન મળ્યું હતું. લેફ્ટનન્ટ જનરલ મનોજ પાંડેએ જમ્મુ-કાશમીરમાં સરહદ નજીક સંવેદનશીલ પલ્લવવાલા સેક્ટરમાં ઓપરેશન પરાક્રમ દરમિયાન ૧૧૭ એન્જિનિયર રેજિમેન્ટની કમાન સંભાળી હતી.

પશ્ચિમી સેક્ટરમાં એક એન્જિનિયર બ્રિગેડ અને પશ્ચિમી લદાખના ઊંચાઈ ધરાવતા વિસ્તારોમાં એક પર્વતીય ડિવિઝન અને પૂર્વોત્તરમાં એક કોરની કમાન સંભાળી હતી. તેઓ સંયુક્ત રાષ્ટ્રના ઘણા મિશનોમાં યોગદાન આપી ચૂક્યા છે. તેઓ જૂ ૨૦૨૦થી મે ૨૦૨૧ સુધી અંદામાન-નિકોબાર કમાનના કમાન્ડર ઈન ચીફ પણ રહ્યા હતા. આ મહિનાના અંતમાં નિવૃત્ત થનારા જનરલ નરવાણેને આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (ઝઢજી) બનાવવામાં આવી શકે છે. ભારતના પ્રથમ સીડીએસ જનરલ બિપીન રાવતના નિધન બાદ આ સ્થાન હજી ખાલી છે. આ સ્થાન માટે હજી સુધી સત્તાવાર રીતે કોઈ નામની જાહેરાત કરવામાં આવી નથી.

## લખીમપુર ખીરી કેસમાં સુપ્રીમ કોર્ટે આશીષ મિશ્રાના જામીન રદ કર્યા

**અઠવાડિયામાં સરન્ડર કરવું પડશે : સુપ્રીમે ૪ એપ્રિલના રોજ તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સુનાવણી પૂરી કરીને ચુકાદો અનામત રાખ્યો હતો**

નવી દિલ્હી,તા.૧૮

લખીમપુર ખીરી કેસમાં સુપ્રીમ કોર્ટે મંત્રી અજય મિશ્રા ટેનીના પુત્ર આશીષ મિશ્રાના જામીન રદ કર્યા છે. સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈકોર્ટના આદેશને રદ કર્યો છે. સુપ્રીમના આ આદેશ બાદ હવે આશીષ મિશ્રાએ એક અઠવાડિયાની અંદર સરન્ડર થવું પડશે. આ મામલે સુપ્રીમ કોર્ટે ૪ એપ્રિલના રોજ તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ સુનાવણી પૂરી કરીને ચુકાદો અનામત રાખ્યો હતો. લખીમપુર ખીરીમાં થયેલી હિંસાના આરોપી આશીષ મિશ્રાને આજે સુપ્રીમ કોર્ટમાંથી મોટો ઝટકો મળ્યો છે. સુપ્રીમ કોર્ટે આશીષ મિશ્રાના જામીન ફગાવી દીધા છે. અત્રે જણાવવાનું કે આશીષ મિશ્રા ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ટેનીનો પુત્ર છે. લખીમપુરમાં જે ખેડૂતો પર ગાડી ચડી હતી તે મામલે આશીષ મિશ્રાનું નામ આવ્યું હતું. આશીષ મિશ્રાને અલાહાબાદ હાઈકોર્ટે જામીન આપ્યા હતા. જેને હવે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અલાહાબાદ હાઈકોર્ટે પીડિત પક્ષને ધ્યાનમાં રાખ્યો નહીં. પીડિત પક્ષનું સાંભળવામાં આવ્યું નથી. ૩ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ લખીમપુરના તિકુનિયામાં થયેલી હિંસામાં ૮ લોકોના મોત થયા હતા. એવો આરોપ છે કે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ટેનીના પુત્ર આશીષ મિશ્રા ઉર્ફે મોનુએ પોતાની જીપથી ખેડૂતોને કચડી નાખ્યા. આ મામલે યુપી જીૅએ ૫૦૦૦ પેજની ચાર્જશીટ દાખલ કરી હતી. એસઆઈટીએ આશીષ મિશ્રાને મુખ્ય આરોપી બનાવ્યો હતો.

## એમવે ઈન્ડિયાની ૭૫૭.૭૭ કરોડની સંપત્તી ઈડીએ જપ્ત કરી

નવી દિલ્હી, તા.૧૮

ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ એમવે ઈન્ડિયા એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ પર મની લોન્ડ્રિંગના એક કેસમાં મોટી કાર્યવાહી કરી છે. મળતી માહિતી પ્રમાણે ઈડીએ સોમવારે કંપનીની ૭૫૭.૭૭ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લીધી છે. કંપની પર નલ્ટી લેવલ માર્કેટિંગ સ્કેમ ચલાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, જપ્ત કરવામાં આવેલી સંપત્તિઓમાં તમિલનાડુના ડિંડીગુલ જિલ્લામાં એમવે (એમવે ઈન્ડિયા)ની જમીન તથા ફેક્ટરી બિલ્ડિંગ અને પ્લાન્ટ તથા ગાડીઓ બેંક એકાઉન્ટસ અને ફિક્સ ડિપોઝિટ સામેલ છે.

ઈડીએ આ અગાઉ એમવેના ૩૬ અલગ અલગ એકાઉન્ટમાંથી ૪૧૧.૮૩ કરોડ રૂપિયાની અચલ અને ચલ સંપત્તિ તથા ૩૪૫.૯૪ કરોડ રૂપિયાના બેંક બેલેન્સને જપ્ત કર્યું હતું. તપાસ એજન્સી દ્વારા કરવામાં આવેલી મની લોન્ડરિંગ કેસ તપાસમાં જાણવા મળ્યું છે કે, એમવે

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં કોઈ પણ ધાર્મિક સ્થળે મંજૂરી વગર લાઉડ સ્પિકર નહીં લગાવી શકાય

મુંબઈ, તા.૧૮

મસ્જિદોના લાઉડ સ્પીકરનો મુદ્દો વધુને વધુ ગરમાઈ રહ્યો છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ ૩ મે સુધીમાં મસ્જિદોના લાઉડ સ્પીકર દૂર કરવા માટેની ડેડલાઈન આપેલી છે. ત્યારે હવે મહારાષ્ટ્રની ઉદ્ધવ સરકારે આ મામલે મહત્વનો નિર્ણય લીધો છે. સરકારના ગૃહ વિભાગે સોમવારે આ મામલે મહત્વની બેઠક યોજી હતી. બેઠકમાં કોઈ પણ ધાર્મિક સ્થળે મંજૂરી વગર લાઉડ સ્પીકર લગાવવા પર રોક લગાવી દેવામાં આવી છે. મતલબ કે, હવેથી લાઉડ સ્પીકર લગાવવા માટે કોઈ પણ ધર્મ જાતિ વિશેષ સમુદાયે પોલીસની મંજૂરી લેવી પડશે.

## જહાંગીરપુરી હિંસા મામલે મુખ્ય ષડયંત્રકાર સહિત ૨૧ની ધરપકડ

**કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાયો : દિલ્હી પોલીસ સીસીટીવી ફૂટેજને આધારે અન્ય આરોપીઓની ઓળખ કરી રહી છે**

નવી દિલ્હી,તા.૧૮

દિલ્હીમાં હનુમાન જયંતીના અવસરે થયેલી હિંસા મામલે રોહિણી કોર્ટે મુખ્ય આરોપી અંસાર અને અસલમને સોમવાર સુધી કસ્ટડીમાં મોકલ્યા છે. આ ઉપરાંત અન્ય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. અત્રે જણાવવાનું કે હિંસા બાદથી જ પોલીસ એકદમ એક્શન મોડમાં છે. આ મામલે પોલીસે તપાસ પણ તેજ કરી છે. દિલ્હી પોલીસ સીસીટીવી ફૂટેજ તપાસી રહી છે અને તે આધાર પર અન્ય આરોપીઓની ઓળખ થઈ રહી છે. આ સાથે જ દિલ્હી પોલીસ હિંસાવાળી જગ્યાએથી પુરાવા ભેગા કરી રહી છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે કહ્યું કે ૧૫ તારીખે જ અંસાર અને અસલમને ખબર પડી ગઈ હતી કે એક શોભાયાત્રા નિકળવાની છે. ત્યારબાદ આ લોકોએ ષડયંત્ર રચ્યું હતું. જહાંગીરપુરી હિંસા મામલે દિલ્હી પોલીસે તેજ કાર્યવાહી કરતા અત્યાર સુધીમાં કુલ ૨૧ આરોપીઓને પકડ્યા છે. જ્યારે ૨ સગીરો પણ પકડાયા છે. પોલીસે અત્યાર સુધીમાં આરોપીઓ પાસેથી ૩ પિસ્તોલ અને ૫ તલવારો જપ્ત કરી છે. જહાંગીરપુરી હિંસાનો કેસ ક્રાઈમ બ્રાન્ચને ટ્રાન્સફર કરાયો છે.

**વણકર સમાજનું ગૌરવ**



શ્રી લાલજીભાઈ ત્રિકમલાલ પરમાર, ગામ-આજોલ, હા.રે. ગાંધીનગરના સુપુત્ર **ડો. પ્રો. પ્રશાન્ત રાજદીપે** એક ખાસ પ્રકારનું **મેડિકલ જેકેટ** બનાવ્યું છે. તે દર્દીના ફેફસાની ક્ષમતા ચકાસવા માટે દરદી અને તબીબોને ટેસ્ટ લેવા માટે તકલીફ ઉભી થાય નહી તે માટે આ શોધ કરેલ છે. જે કોન્સેપ્ટ પર આધારિત છે, જેને ભારત સરકાર દ્વારા પેટન્ટ ગ્રાન્ટ આપવામાં આવી છે. આ તેમની ત્રીજી શોધ છે.

અદ્દભૂત સંશોધન માટે અઢળક અભિનંદન અને શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.
સમસ્ત વણકર સમાજ

